

# પરિષદ-પાથેય

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

હમણાં એક અદ્‌ભુત અનુભવ થયો. છારાનગરના બુધન થિયેટરના પુસ્તકાલયમાં તા. ૯-૧૦-૧૧ને રવિવારના રોજ એક સર્જક-મિલન યોજવામાં આવ્યું. ત્યાંના સ્થાનિક અને પરિષદ તરફથી ગયેલા સર્જકોએ પોતાની કૃતિનું પઠન કર્યું. પછી શારીરિક રીતે અશક્ત એવા કલાકારોની ખબરઅંતર પૂછવા એમના ઘેર ગયા. છારાનગરના નાના નાના ઘર વટાવતાં ગલીકૂંચીમાંથી જ્યારે પસાર થતાં હતાં ત્યારે એક વેદના અમારી અંદર ફરી વળી. ત્યાંની પંચાયતના વડા ઍડવૉકેટ વિલાસભાઈને મળવા ગયા. એ પથારીવશ હતા એમના એક વિશિષ્ટ કામ વિશે જાણ્યું ત્યારે અમે રોમાંચિત થઈ ઊઠ્યા. તે એમના સમાજના જુદા જુદા કૌટુમ્બિક ઝઘડાનો ન્યાય વાર્તાઓ કહીને તોલે છે. કથાકથન દ્વારા થતી આ પારંપરિક ન્યાયપદ્ધતિમાં મૌખિક પરંપરાનો આ સાહિત્યિક ઉપયોગ જોઈ રોમાંચિત થઈ જવાયું. જિવાતા જીવનમાં સાહિત્યનો સહજ ઉપયોગ, એક સૂક્ષ્મ અનેરું જીવનઘડતર બનતું હોય છે ત્યારે સાહિત્યનો 'સમાજઅભિમુખતાનો' નવો જ અર્થ ઉઘાડ જોવા, અનુભવવા મળ્યો.

૧૪/૧૫ ઑક્ટો. રવીન્દ્રનાથની ૧૫૦મી જયંતી ખૂબ જ ઉત્તમ રીતે ઉજવવામાં આવી. રવીન્દ્ર સંગીત દ્વારા રવીન્દ્રનાથનાં ૧૨ ગીતો રજૂ થયાં ત્યારે સ્થળ-સમય બહારનો અનુભવ થયો. દેબાશિષ અને રોહિની રાયચૌધરી, પિતા-પુત્રી દ્વારા રજૂ થયેલું રવીન્દ્ર સંગીત ચિરસ્મરણીય રહેશે. કોઈ પણ પ્રકારના ઇન્સ્ટ્રુમેન્ટ વગર એમણે જ્યારે ગીતો ગાયાં ત્યારે સંગીતની જરૂર જ જણાતી ન હતી. અંતરના સંગીત અને કલાના સંગીતનો આ સુભયોગે રવીન્દ્રનાથની ચેતનાને જાણે ઝંકૃત કરી મૂકી. વળી બીજા દિવસ વિદ્વાન વ્યાખ્યાનકારોએ રવીન્દ્રનાથના જુદા જુદા પાસાઓ સંદર્ભે વક્તવ્ય આપ્યાં ત્યારે પણ એ ક્ષણોમાં રવીન્દ્ર ચેતનાનો અનુભવ થયો.

પાક્ષિકીમાં એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો. રીટા કોઠારીએ મૂળ ગુજરાતી પણ હાલ તમિલ લેખક શ્રી દિલીપ કુમારની એક વાર્તાનો ગુજરાતીમાં અનુવાદ વાંચ્યો. દિલીપકુમાર મૂળ કચ્છના પણ પેઢીઓથી ચેન્નાઈ રહે છે. એમણે તમિલ ભાષામાં ટૂંકી વાર્તાઓ લખી છે. ભારતીય સાહિત્યજગતમાં હાલ એમનું સર્જન નોંધપાત્ર બન્યું છે. એનો અનુવાદ અંગ્રેજીમાં થયો અને તેમાંથી રીટા કોઠારીએ ગુજરાતીમાં કર્યો. મૂળમાંથી મૂળમાં વળેલી આ ભાષાપ્રક્રિયાનો અદ્‌ભુત અનુભવ થયો. એક અનુવાદક અને બૌદ્ધિક વ્યક્તિ જ્યારે ભાષાની અને સમાજજીવનની સંકુલ પ્રક્રિયા, બહુપરિમાણિક સંસ્કૃતિ અને સાહિત્યના જાદુનો અનુભવ કરે છે ત્યારે આવી કૃતિની વિશિષ્ટતાઓ ઉકેલીને ભાવક સમક્ષ રજૂ કરે છે. એ જ રીતે રીટા કોઠારીએ સમગ્રપણે આ વાત મૂકી ત્યારે ઉપસ્થિત

ભોળાભાઈ પટેલ સાથે બધા જ વાર્તાકાર મિત્રોએ કશુંક નવું અનુભવ્યાનો આનંદ લૂંટ્યો.

પરિષદ આવા અનેક કાર્યક્રમો નિયમિતપણે ગોઠવે છે. હજુ આજે જ Aeliane Fransinના સ્થાનિક ડિરેક્ટર શ્રી માર્ટીન ફિલિપ જોડે વાત થઈ. ૨૦૧૨માં પરિષદ અને એમનું ફ્રેન્ચકેન્દ્ર સાથે મળી એક કાવ્યસંગ્રહ પ્રકાશિત કરશે જેમાં આજ સુધી ગુજરાતી ભાષામાં થયેલાં ફ્રેન્ચ કાવ્યો એકઠાં કરી ત્રણ ભાષામાં સાથે સાથે મૂકી પ્રકાશિત કરવામાં આવશે. ગુજરાતી, અંગ્રેજી અને મૂળ ફ્રેન્ચ પાઠ. એમ ત્રણેય ભાષામાં સાથે સાથે મૂકી પ્રકાશિત કરવામાં આવશે. આવાં અવનવાં અનેક કાર્યોએ પરિષદની નિસ્બતમુદ્રાને વધુ ને વધુ અસરકારક અને પ્રસ્તુત બનાવી છે.

આવા કાર્યક્રમો માત્ર પરિષદ પરિસર કે અમદાવાદ સુધી સીમિત ન રહે અને સમગ્ર ગુજરાતમાં વિવિધ સ્થળે એ શરૂ થાય એ માટે અમે ખૂબ પ્રયત્નો કરીએ છીએ. ગુજરાતની વિવિધ સંસ્થાઓ સાથે પરિષદ સંકળાવા ચાહે છે. આજે પરિષદ-પાથેયમાં એના માટે ઇજન કરીએ છીએ. નિરંજન ભગતની પંક્તિઓની જેમ કહેવાનું મન થાય છે :

લાવો તમારો હાથ, મેળવીએ
(કહું છું હાથ લંબાવી)

– અસ્તુ
**– રાજેન્દ્ર પટેલ**

## સચ્ચિદાનંદ સન્માન

ગુજરાતના વિદ્વાન સંત સ્વામી શ્રી સચ્ચિદાનંદની પ્રેરણાથી 'શ્રી સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ' – દંતાલી દ્વારા પરિષદને મળેલ દાનમાંથી સત્ત્વશીલ સાહિત્યસર્જન દ્વારા પ્રજાજનોમાં મૂલ્યનિષ્ઠાનું સંવર્ધન-સંગોપન કરનારા મૂર્ધન્ય સર્જકને પચ્ચીસ હજાર રૂપિયા, સ્મૃતિચિહ્ન તથા શાલ અર્પણ કરીને 'સચ્ચિદાનંદ સન્માન' દ્વારા સન્માનિત કરવામાં આવે છે. ઈ. સ. ૨૦૦૭, ૨૦૦૮ અને ૨૦૦૯નું આ સન્માન અનુક્રમે શ્રી કાન્તિભાઈ શાહ, શ્રી નરોત્તમ પલાણ અને શ્રી રતિલાલ 'અનિલ'ને અર્પણ થશે. આ સારસ્વતોને અભિનંદન.

## ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદના છેંતાલીસમા અધિવેશન રૂપાયતનના યજમાનપદે; જૂનાગઢ મુકામે તારીખ : ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૧ના ત્રણ દિવસ યોજાશે. અધિવેશનના પ્રમુખ તરીકે મૂર્ધન્ય સાહિત્યકાર ઉત્તમ નિબંધકાર-અનુવાદક અને વિવેચક શ્રી ભોળાભાઈ પટેલ હશે. અધિવેશનના અતિથિવિશેષ તરીકે ઓડિયા ભાષાના સર્જક શ્રી મનોજ દાસ ઉપસ્થિત રહેશે.

### બેઠક પહેલી :

ઉદ્‌ઘાટન-સમારંભ : તા. ૨૩-૧૨-૨૦૧૧ શુક્રવાર, સવારે ૧૦.૦૦થી ૧૨.૩૦
અધિવેશન સ્થળ : રૂપાયતન, ગિરિતળેટી, ભવનાથ, જૂનાગઢ



| | | |
|---|---|---|
| (૧) | ગીત : જય જય ગરવી ગુજરાત | : સંગીત ટુકડી |
| (૨) | સ્વાગતમંત્રીનું ઉદ્‌બોધન | : શ્રી હેમંત નાણાવટી |
| (૩) | સ્વાગતપ્રમુખનું ઉદ્‌બોધન | : શ્રી પ્રફુલ્લચંદ્ર નાણાવટી |
| (૪) | મહેમાનોનું સ્વાગત | : |
| (૫) | પરિષદમંત્રીનો વાર્ષિક અહેવાલ | : શ્રી રાજેન્દ્ર પટેલ |
| (૬) | નિવૃત્ત થતા પ્રમુખશ્રીનું વક્તવ્ય અને કાર્યભારની સોંપણી | : શ્રી ભગવતીકુમાર શર્મા શ્રી ભોળાભાઈ પટેલ |
| (૭) | પ્રમુખશ્રીનો પરિચય | : શ્રી રઘુવીર ચૌધરી |
| (૮) | પ્રમુખશ્રીનું વક્તવ્ય | : શ્રી ભોળાભાઈ પટેલ |
| (૯) | અતિથિવિશેષશ્રીનો પરિચય | : શ્રી રાજેન્દ્ર પટેલ |
| (૧૦) | અતિથિવિશેષશ્રીનું વક્તવ્ય | : શ્રી મનોજ દાસ |
| (૧૧) | પ્રાસંગિક | : શ્રી અનિલા દલાલ |
| (૧૨) | પ્રાસંગિક | : શ્રી નરોત્તમ પલાણ |
| (૧૩) | સમાપન વક્તવ્ય | : શ્રી મોરારિબાપુ |
| (૧૪) | આભારદર્શન (યજમાન સંસ્થા) | |

### બેઠક બીજી : તા. ૨૩-૧૨-૧૧ શુક્રવાર, બપોરે ૨.૩૦થી ૫.૩૦
### સર્જન વિભાગ : સાહિત્યસ્વરૂપ – ટૂંકી વાર્તા

| | |
|---|---|
| વિભાગીય અધ્યક્ષ | : શ્રી કિરીટ દૂધાત |
| સર્જક વક્તાઓ | : શ્રી સુવર્ણાબહેન, શ્રી મોહન પરમાર, શ્રી કાનજી પટેલ |
| સંચાલન | : શ્રી વર્ષા અડાલજા |

### બેઠક ત્રીજી : તા. ૨૩-૧૨-૧૧ શુક્રવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૦૦
### આસ્વાદ

| | |
|---|---|
| વિભાગીય અધ્યક્ષ | : શ્રી અમર ભટ્ટ |
| સંચાલન | : શ્રી માધવ રામાનુજ |

### બેઠક ચોથી : તા. ૨૪-૧૨-૧૧ શનિવાર, સવારે ૯.૦૦થી ૧૨.૩૦
### વિવેચન-સંશોધન વિભાગ

| | |
|---|---|
| વિભાગીય અધ્યક્ષ | : શ્રી દીપક મહેતા |
| વક્તાઓ | : શ્રી રવીન્દ્ર પારેખ, શ્રી જયેશ ભોગાયતા, શ્રી કિશોર વ્યાસ |
| સંચાલન | : શ્રી પ્રફુલ્લ રાવલ |

**બેઠક પાંચમી : તા. ૨૪-૧૨-૧૧ શનિવાર, બપોરે ૩.૦૦થી ૬.૦૦**

**પરિસંવાદ : ભાષાકીય કટોકટી**

| | |
|---|---|
| વિભાગીય અધ્યક્ષ | : શ્રી અવધેશકુમાર સિંઘ |
| ટેક્નોલોજી અને ભાષા | : શ્રી રૂપલ મહેતા |
| શિક્ષણ અને ભાષા | : શ્રી રવીન્દ્ર દવે |
| સંસ્કૃતિ અને ભાષા | : શ્રી ગુણવંત શાહ |
| માધ્યમો અને ભાષા | : શ્રી વિષ્ણુ પંડ્યા |
| સંચાલન | : શ્રી રતિલાલ બોરીસાગર |

**યજમાન સંસ્થા : તા. ૨૪-૧૨-૧૧ શનિવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦**

**સાંસ્કૃતિક કાર્યક્રમ**

સંચાલન : શ્રી જનક નાયક

તા. ૨૫-૧૨-૧૧ રવિવાર, સવારે ૮.૦૦થી ૯.૦૦

ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક

**બેઠક છઠ્ઠી : તા. ૨૫-૧૨-૧૧ રવિવાર, સવારે ૯.૦૦થી ૧૧.૩૦**

**સોરઠની સર્જનસંપદા**

| | |
|---|---|
| વિભાગીય અધ્યક્ષ | : શ્રી લાભશંકર પુરોહિત |
| સોરઠી લોકસાહિત્ય- | |
| ચારણી સાહિત્ય | : શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી |
| સોરઠી સંતસાહિત્ય | : શ્રી નિરંજન રાજ્યગુરુ |
| સોરઠી અર્વાચીન સાહિત્ય | : શ્રી નીતિન વડગામા |
| સંચાલન | : શ્રી હેમંત નાણાવટી |

**બેઠક સાતમી : તા. ૨૫-૧૨-૧૧ રવિવાર, બપોરે ૧૧.૩૦થી ૧.૦૦**

– ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન અને સમાપન-બેઠક

– ઠરાવો : પ્રતિભાવો અને આભારવિધિ

– બપોરના ભોજન પછી અધિવેશનની સમાપ્તિ થશે.

**નોંધ :** અધિવેશનમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક રૂ. ૨૦૦/- તથા પ્રતિનિધિ શુલ્ક રૂ. ૧૦૦/- ભરવાના રહેશે. કુલ રૂ. ૩૦૦/- થશે.

વિદ્યાર્થીઓએ ૫૦% રકમ ભરવાની રહેશે (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.)

ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક તા. ૧૫-૧૨-૧૧ સુધીમાં પરિષદ કાર્યાલય અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.



## અનુવાદ-અભિમુખતા

ગુજરાતી સાહિત્ય પરિષદમાં અનુવાદ-અભિમુખતાની બેઠક તા. ૧૧-૧૦-૨૦૧૧ના રોજ યોજાઈ ગઈ. જેમાં વિભા ત્રિવેદીએ ઈરવિન શૉની વાર્તા 'ધ ગર્લ્સ ઇન ધેર સમર ડ્રેસીસ'નો ગુજરાતી અનુવાદ 'વાસંતી વસ્ત્રોમાં કન્યાઓ' (અનુ. શરીફા વીજળીવાળા) અને એન્તન ચેખોવની વાર્તા 'લૉટરી' (અનુ. શિરીષ પંચાલ)નું પઠન-ચર્ચા કરી હતી. જેમાં અનુવાદકોની અનુવાદ-કલાને તપાસવાનો ઉપક્રમ મુખ્ય રહ્યો હતો.

**– વિભા ત્રિવેદી**

## જેલમાં સાહિત્યિક કાર્યક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા જેલમાં વિશિષ્ટ સાહિત્યિક કાર્યક્રમ અંતર્ગત તા. ૧૫-૧૦-૨૦૧૧ના રોજ અમદાવાદની મધ્યસ્થ જેલમાં રમેશ વીરમગામી અને ઉષાબહેન વીરમગામીએ વાર્તાકથન દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. શ્રી બુદ્ધિધનભાઈ ત્રિવેદીએ ગાંધીવંદના કરીને જીવનમાં મૂલ્યલક્ષી આચરણ વિશે વાત કરી હતી અને તેમની આત્મકથા 'ગાજરથી કાજુકતરી'નો આસ્વાદ કરાવ્યો હતો.

## છારાનગરની મુલાકાત

તા. ૯-૧૦-૨૦૧૧ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને બુધન થિયેટરના સંયુક્ત ઉપક્રમે બુધન પુસ્તકાલયમાં ત્યાંના સર્જકમિત્રો સાથે વાર્તા-કાવ્ય પઠન તેમજ સાહિત્યચર્ચાનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમના આરંભે શ્રી દક્ષિણભાઈએ જણાવ્યું કે વરિષ્ઠ સાહિત્યકાર મહાશ્વેતા દેવી અને ગણેશ દેવીની પ્રેરણાથી છારા સમાજના યુવાનોએ સાહિત્યિક પ્રવૃત્તિઓનો આરંભ કર્યો. યુવાનોએ વિવિધ સ્થળો પર નાટ્યપ્રયોગો કરી તેના બદલામાં પુસ્તકો મેળવ્યાં અને બુધન પુસ્તકાલયની રચના કરી. કાર્યક્રમમાં ઉપસ્થિત વિજય સોની અને જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ દ્વારા વાર્તાપઠન કરાયું. ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી શ્રી રાજેન્દ્ર પટેલે ટૂંકીવાર્તા સંદર્ભે તેનાં વિવિધ પાસાંઓની ચર્ચા કરી હતી. ત્યારબાદ યુવાકવિમિત્રો હરદ્વાર ગોસ્વામી, અશોક ચાવડા, ભાવેશ ભટ્ટ અને ગિરીશ પરમારે ગઝલનું પઠન કર્યું હતું. સાથે ઉપરાંત વૈશાખ અને દક્ષિણભાઈ સહિત ત્યાંના યુવા કવિઓએ ગીત-ગઝલ અને અછાંદસ રચનાઓ રજૂ કરી હતી. ત્યારબાદ સૌ સર્જકમિત્રોએ કાર્યક્રમમાં ઉપસ્થિત ન રહી શકેલા ત્યાંના બે સર્જકમિત્રોની મુલાકાત લીધી અને તેમના પેન્સિલ સ્કેચ તથા કાવ્યો માણ્યાં તથા છારાસમાજની પંચાયત દ્વારા પરંપરાગત વાર્તાઓનો આધાર લઈને ન્યાય આપવાની વિશિષ્ટ પ્રથા અંગે માહિતી મેળવી. સમગ્ર કાર્યક્રમ સર્જકમિત્રો માટે અવિસ્મરણીય બની રહ્યો.

**– જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ**

## એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ

ગુજરાતી સાહિત્ય પરિષદ અને એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત તા. ૩-૧૦-૨૦૧૧ના રોજ જાણીતાં લેખિકા શ્રી ધીરુબહેન પટેલની અધ્યક્ષતામાં

બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં છેલ્લા વાંચેલા પુસ્તક – કૃતિ વિશે ઉપસ્થિત લેખિકાઓએ પોતાના પ્રતિભાવ-રસાસ્વાદ રજૂ કર્યા હતા. સુધા મહેતાએ પૂજા બેદીકૃત 'ટાઈમ પાસ', ચંદ્રાબહેન શ્રીમાળીએ પન્નાલાલ પટેલકૃત 'મળેલા જીવ', સ્મિતા શાહે રેણુકા પટેલકૃત 'મીરાનું ઘર', નયના મહેતાએ રમણ મહર્ષિકૃત 'સાધુનાં સંસ્મરણો', દીના પંડ્યાએ 'સાધના' વાર્તા, સુધા ભટ્ટે 'સુખને એક અવસર તો આપો', લતા હીરાણીએ જ્યોતિ થાનકીકૃત 'શ્રી માતાજીની દૃષ્ટિએ જીવન જીવવાની કલા', પ્રજ્ઞા પટેલે રા. વિ. પાઠક અનૂદિત 'મારો પરિવાર', ઉર્વશી શાહે રસ્કિનકૃત 'સોનેરી નદીના રાજા', લીના, ત્રિવેદીએ પુસ્તક-જીવન વિષયક લખાણ, પારુલ દેસાઈએ સુમન શાહકૃત 'નેચરલ સુગરની સ્વીટ', ધીરુબહેન પટેલે દક્ષિણ નવરંગે, બુધન થિયેટર્સ, જીવનસંઘર્ષ-જન્મજા કળા વિષયક આસ્વાદમૂલક વાતો રજૂ કરી હતી.

**– પ્રજ્ઞા પટેલ**

## એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ-લેખન સ્પર્ધાનું પરિણામ

ગુજરાતી ભાષા જ્યાંજ્યાં બોલાય છે, તે વિવિધ વિસ્તારની બહેનો લેખનમાં રસ લે તેવા હેતુથી 'મારો અવિસ્મરણીય અનુભવ' શીર્ષક હેઠળ એક લેખનસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું પરિણામ આ મુજબ છે. **પ્રથમ** : સંધ્યા ભટ્ટ (બારડોલી), **દ્વિતીય** : યોગિતા પટેલ (સબલપુર-મહેસાણા), **તૃતીય** : હીનાબહેન ચૌહાણ (પ્રાંતિજ), **આશ્વાસન ઇનામ** : પુષ્પા અંતાણી (હૈદરાબાદ), પ્રજ્ઞા વશી (સુરત), રેખા કમલ મહેતા (અમદાવાદ), ભાવના ચૌહાણ (વલ્લભવિદ્યાનગર), રેખા સિંઘલ (અમેરિકા). આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સર્વશ્રી અરુણા જાડેજા, રૂપા શેઠ અને નલિની દેસાઈએ સેવા આપી હતી. સૌને અભિનંદન.

## પાક્ષિકી અંતર્ગત દીના પંડ્યા તથા રીટા કોઠારીનું વાર્તાપઠન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અંતર્ગત તા. ૨૯-૯-૨૦૧૧ના રોજ દીના પંડ્યાએ પોતાની અપ્રકાશિત વાર્તા 'ગજ્જર'નું પઠન કર્યું હતું. વાર્તામાં મનુષ્યની એષણા કેવી પ્રબળ હોય છે અને તેની તૃપ્તિ માટે કેવા પ્રયત્નો કરે છે, તેની રજૂઆત થઈ છે. વાર્તાપઠનના અંતે વાર્તારસિકો દ્વારા પ્રશ્નોત્તરી અને ચર્ચા થઈ હતી.

તા. ૫-૧૦-૨૦૧૧ના રોજ શ્રી રીટા કોઠારીએ તામિલ લેખક દિલીપકુમારની નવલિકાનો તેમણે કરેલો અનુવાદ 'બિલાડી' વાર્તાના અનુવાદનું પઠન કર્યું હતું. જે લેખક કચ્છી હોય અને તામિલનાડુમાં વરસોના વસવાટ પછી 'ગુજરાતી ભાષા' તેમના તામિલલેખનમાં ભાગ ભજવે છે, તે 'બિલાડી'ના પ્રતીકથી વૈષ્ણવોની અહિંસા પ્રત્યેની લાગણીનું નિરૂપણ થયું છે. વાર્તામાં ગુજરાતી ભાષાના શબ્દોને ગુજરાતીમાં કેવી રીતે અનૂદિત કરી શકાય તે પ્રશ્ન ચર્ચાયો હતો.

**– ઇતુભાઈ કુરકુટિયા**

## ગ્રંથ સાથે ગોઠડી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'ગ્રંથ સાથે ગોઠડી' અંતર્ગત તા. ૭-૧૦-૨૦૧૧ના રોજ ડૉ. નયના ડેલીવાળાએ હિન્દી લેખિકા જ્યોત્સ્ના મિલનકૃત 'અ અસ્તુ કા'નો આસ્વાદ કરાવ્યો હતો. નવલકથાનો આસ્વાદ કરાવતાં કથાનાયક પ્રકૃતિપ્રેમી છે. તેમ જ કૃતિમાં ઘણી જ ઓછી ઘટના છે, તેમ કહીને કૃતિનાં વિવિધ પાસાંઓને ખોલી આપી હતાં. ઉપસ્થિત સાહિત્યપ્રેમીઓને પ્રશ્નોત્તરી કરી કૃતિને વધુ આસ્વાદ્ય બનાવી હતી.

**– ઇતુભાઈ કુરકુટિયા**

## દલિત સાહિત્યવિમર્શ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'દલિત સાહિત્યવિમર્શ' અંતર્ગત તા. ૨૪-૯-૨૦૧૧ના રોજ પી. કે. વાલેરાની આત્મકથા 'થોરનું ફૂલ' વિશે શ્રી ડંકેશ ઓઝા અને ડૉ. અરુણા વાઘેલાએ વક્તવ્ય આપ્યું હતું. બન્ને વક્તાઓએ પોતાની આગવી શૈલીમાં કૃતિનો આસ્વાદ કરાવ્યો હતો. સાહિત્ય રસિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## My Tagore; Why Tagore

રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ અને વિશ્વકોશ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે રવીન્દ્રનાથ ટાગોરની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે તા. ૧૪, ૧૫ ઑક્ટોબર, ૨૦૧૧ના રોજ બે દિવસના 'My Tagore; Why Tagore' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૪-૧૦-૨૦૧૧ના રોજ રાત્રે ૮-૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદમાં આયોજિત રવીન્દ્રસંગીત કાર્યક્રમ અંતર્ગત વિલિયમ રેડિચીએ 'હાઉ મ્યુઝિકલી યુ સિંગ' વિશે વક્તવ્ય આપ્યું હતું. દેવાશિષ અને રોહિણી રાય ચૌધરીએ રવીન્દ્રનાથ ટાગોરના બંગાળીમાં ૧૨ ગીતોનું ગાન કર્યું હતું.

તા. ૧૫-૧૦-૨૦૧૧ના રોજ વિશ્વકોશ ટ્રસ્ટમાં 'માય ટાગોર, વાય ટાગોર' કાર્યક્રમ અંતર્ગત રવીન્દ્રનાથ ટાગોરનાં વિવિધ પાસાંઓને ઉજાગર કરતા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રબોધ પરીખની અધ્યક્ષતામાં યોજાયેલી પ્રથમ બેઠકમાં શ્રી શૈલેશ પારેખે 'ઈનોગ્રશન-રિસિપ્શન ઑફ વેર ધ માઇન્ડ ઇઝ વિધાઉટ ફેર' વિશે, વિલિયમ રેડિચીએ 'ટાગોર, ધ મેન ઑફ લેટર્સ : વૉટ આઈ હેવ લર્ન ફ્રોમ હીમ', શ્રી પાર્થ ઘોષે 'ધ વર્લ્ડ થ્રુ સૉંગ્સ', આર. શિવકુમારે 'મિનિંગ અને પ્રેસેન્સ : લર્નિંગ ફ્રોમ ધ પેઇન્ટિંગ ઑફ રવીન્દ્રનાથ', પ્રબોધ પરીખે અધ્યક્ષીય વક્તવ્ય અને પ્રશ્નોત્તરીમાં જીવંત ચર્ચા કરી હતી. વિલિયમ રેડિચીની અધ્યક્ષતામાં યોજાયેલી બીજી બેઠકમાં શ્રી માર્ટીન કામ્પચને 'રવીન્દ્રનાથ ટાગોર એન્ડ માય ઇફોર્ટસ્ એટ રૂરલ એજ્યુકેશન ઈન ટુ સાંથાલ વિલેજ', પ્રબોધ પરીખે 'પોએટીક્સ ઑફ ધ (ડીસ) એમ્બોડિએક સેલ્ફ : એમેર્જિંગ વીથ રવીન્દ્રનાથ ટાગોર ફોર માય અવરસેલ્ફ', શ્રી નિરંજન ભગતે 'ટાગોર્સ યુનિવર્સલ

હ્યુમનિઝમ' વિશે અને વિલિયમ રેડિસે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. શ્રી કુમારપાળ દેસાઈએ સમાપનમાં સૌનો આભાર માન્યો હતો. આ સેમિનારમાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને રવીન્દ્રપ્રેમી સાહિત્યકારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**– ઇતુભાઈ કુટકુટિયા**

**પરિષદ-પાથેય**

**(૧) રવીન્દ્ર ભવનમાં મળેલ દાનની વિગત :**

| | | |
|---|---|---|
| રૂપાબહેન શેઠ | અમદાવાદ | ૧૦૦૦/- |
| સુકુમાર પરીખ | „ | ૨૦૦૦/- |
| મહર્ષિ એમ મહેતા | „ | ૧૦૦૦/- |
| આશા ચેરિટી ટ્રસ્ટ C/o. રોહિત મહેતા | „ | ૧૦,૦૦૦/- |
| શાંતાબહેન મણિભાઈ પટેલ ચે. ટ્રસ્ટ | „ | ૧૦,૦૦૦/- |
| લાલભાઈ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. | „ | ૧૦,૦૦૦/- |
| નંદકિશોર ફાઉન્ડેશન | „ | ૧૦,૦૦૦/- |
| કુશલ વી. મહેતા | „ | ૧૦,૦૦૦/- |
| સ્વાતિ ચિંતન શાહ | „ | ૧૦,૦૦૦/- |
| સુજ્ઞાબહેન એન. શાહ | „ | ૧૦,૦૦૦/- |
| ગોવિંદિનીબહેન શાહ | „ | ૩૦૦૦/- |
| ડૉ. રમેશ કાપડિયા | „ | ૩૦૦૦/- |
| નંદિની પી. મુન્શા | „ | ૫૦૦૦/- |
| રોહિણીબહેન અને બી. જે. દેસાઈ | „ | ૫૦૦/- |
| લક્ષ્મીકાંત દેસાઈ | „ | ૫૦૦/- |
| મલય શેઠ | „ | ૨૫૦૧/- |
| ભારતી ર. દવે | „ | ૩૦૦૦/- |
| પ્રભાતશોભા સત્યમ પટેલ | „ | ૧૧,૦૦૦/- |
| અંજના પી. દેસાઈ અને પ્રણવ દેસાઈ | „ | ૭૫૦૦/- |

**(૨) હરિનારાયણ આચાર્યના સ્મરણાર્થે વિવિધ પ્રવૃત્તિઓ માટે દાન :**

| | | |
|---|---|---|
| ઠાકોરભાઈ ગોવિંદલાલ શાહ ફેમિલી ટ્રસ્ટ | અમદાવાદ | ૬,૦૦,૦૦૦/- |

**પરિષદના આગામી કાર્યક્રમો**

(સ્થળ : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ)

r **પાક્ષિકી** : સંયોજક : દીવાન ઠાકોર

તા. ૧૭-૧૧-૨૦૧૧, ગુરુવાર. સાંજે ૬.૦૦ કલાકે, રૂપેન પટેલ વાર્તાનું પઠન કરશે.

તા. ૧-૧૨-૨૦૧૧, ગુરુવાર, સાંજે ૬.૦૦ કલાકે, જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ વાર્તાનું પઠન કરશે.

r **સર્જક સાથે સંવાદ** : સંયોજક : ધ્વનિલ પારેખ, ભરત સાધુ

તા. ૧૯-૧૧-૨૦૧૧, શનિવાર. સાંજે ૬.૦૦ કલાકે, નવોદિત લેખકોની અપ્રકાશિત કૃતિઓનું પઠન અને ચર્ચા

r **દલિત સાહિત્યવિમર્શ** : સંયોજક : ચંદુ મહેરિયા

તા. ૨૬-૧૧-૨૦૧૧, શનિવાર, સાંજે ૫.૦૦ કલાકે. દાન વાઘેલાના કાવ્યસંગ્રહ 'જઠરાગ્નિ' વિશે સાહિલ પરમાર અને શંકર પેન્ટરના કાવ્યસંગ્રહ 'હાચ્ચે હાચ્ચુ બોલનસ્ ફાડ્યા ?' વિશે પ્રા. કનુ ખડદિયા વક્તવ્ય આપશે.

r **એની સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ** : સંયોજક : પ્રજ્ઞા પટેલ, પારુલ દેસાઈ

તા. ૫-૧૨-૨૦૧૧, સોમવાર. બપોરે ૪.૦૦ કલાકે. અપ્રકાશિત કૃતિઓનું પઠન.

r **અનુવાદ-અભિમુખતા** : સંયોજક : રૂપા શેઠ, વિભા ત્રિવેદી

તા. ૧૩-૧૨-૨૦૧૧, મંગળવાર, સાંજે ૬.૦૦ કલાકે. ઉત્તમ અનુવાદોનું પઠન અને ચર્ચા.

r **ગ્રંથ સાથે ગોઠડી** : સંયોજક : હરીશ ખત્રી, ઇતુભાઈ કુરકુટિયા

તા. ૨-૧૨-૨૦૧૧, શુક્રવાર, સાંજે ૬.૦૦ કલાકે. 'પહેલો ગિરમિટીયો' પુસ્તકનો આસ્વાદ રાજેન્દ્ર પટેલ કરાવશે.

r **સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી**

તા. ૧૭-૧૧-૨૦૧૧, ગુરુવાર, સાંજે ૫.૦૦ કલાકે. 'નાગાર્જુન અને દેરિદા : એક તુલનાત્મક અભ્યાસ' વિશે શ્રી હર્ષવદન ત્રિવેદી વ્યાખ્યાન આપશે.

r **વિશ્વકવિતા કેન્દ્ર**

તા. ૨/૯/૧૬/૨૩/૩૦-૧૧-૨૦૧૧, બુધવાર. સાંજે ૭.૦૦ કલાકે. બુધસભા.

r **જેલમાં વિશિષ્ટ સાહિત્યિક કાર્યક્રમ** : સંયોજક : ગંગારામ વાઘેલા, ભાવેશ ભટ્ટ

તા. ૧૯-૧૧-૨૦૧૧ ને શનિવાર, સવારે ૮.૩૦થી ૧૦.૩૦ સુધી

પોરબંદર જેલ – ગ્રંથપરિચય – શ્રી નરોત્તમ પલાણ

વડોદરા મધ્યસ્થ જેલ – નાટક – શ્રી હેમંત ગોહિલ

ગોંડલ સબજેલ – સંતવાણી – શ્રી નિરંજન રાજ્યગુરુ

r